

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 216
Dt.: 18-04-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

### મુકેશ અંબાણીને છોડ્યા પાછળ

# એશિયાના નવા "કિંગ" બન્યા ગૌતમ અદાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
એશિયા ખંડને તેના નવા બિઝનેસ કિંગ એટલે કે વ્યાપાર જગતના નવા બાદશાહ મળી ગયા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણીને પાછળ છોડીને હવે એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. વિશ્વભરના અબજોપતિઓની રેક્કિંગમાં આ એક ખૂબ જ મહત્વપૂર્ણ અને મોટો ફેરફાર જોવા મળ્યો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અને અપડેટ થયેલા આંકડાઓ અનુસાર, ગૌતમ અદાણીની કુલ નેટવર્થમાં ધરખમ વધારો થયો છે અને તે વધીને હવે $92.6 બિલિયન સુધી પહોંચી ગઈ છે. આ શાનદાર આંકડાની સાથે જ તેમણે એશિયાના ધનિકોની યાદીમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે.

જો આપણે ઊંડાણપૂર્વક આ આંકડાઓ પર નજર કરીએ તો, ગૌતમ અદાણીની કુલ સંપત્તિ હવે $92.6 બિલિયનના સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે તેઓ વિશ્વના સૌથી અમીર વ્યક્તિઓની વૈશ્વિક યાદીમાં ૧૯મા સ્થાને આવી ગયા છે. બીજી બાજુ, લાંબા સમય સુધી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ રહેલા મુકેશ અંબાણીની સંપત્તિમાં ઘટાડો નોંધાયો છે. મુકેશ અંબાણી હવે $90.8 બિલિયનની કુલ સંપત્તિ સાથે એશિયાના ધનિકોમાં બીજા ક્રમે અને વૈશ્વિક સ્તરે ૨૦મા સ્થાને સરકી ગયા છે. સૌથી નોંધપાત્ર અને રસપ્રદ બાબત તો એ છે કે, માત્ર છેલ્લા એક જ દિવસના ટ્રેડિંગ દરમિયાન ગૌતમ અદાણીની સંપત્તિમાં આશરે $3.56 બિલિયનનો ખૂબ જ મોટો ઉછાળો જોવા મળ્યો હતો. આ એક દિવસીય વધારાએ જ તેમને જીતની રેખા



ઓળંગવામાં અને પ્રથમ સ્થાન મેળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. અમીરોની આ યાદીમાં થયેલા મોટા ફેરફાર પાછળનું મુખ્ય કારણ શેરબજારમાં જોવા મળેલો ભારે ઉતાર-ચઢાવ રહ્યો છે. શેરબજારમાં અદાણી ગ્રુપની વિવિધ કંપનીઓના શેરમાં જબરદસ્ત તેજી જોવા મળી હતી, જેના કારણે ગૌતમ અદાણીની સંપત્તિમાં મોટો ફાયદો થયો હતો. તેની સામે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં નરમાશ અથવા સુસ્તી જોવા મળી હતી. બજારની અસ્થિરતાના કારણે મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે (૨૦૨૬) અત્યાર સુધીમાં અંદાજે $16.9 બિલિયનનો મોટો ઘટાડો નોંધાયો છે.

તેનાથી તદ્દન વિપરીત, ગૌતમ અદાણી માટે આ વર્ષ ખૂબ જ નસીબદાર રહ્યું છે, કારણ કે તેમણે આ વર્ષ દરમિયાન પોતાની કુલ સંપત્તિમાં $8.1 બિલિયનનો ઉમેરો કર્યો છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જી જેવા મહત્વના ક્ષેત્રોમાં અદાણી ગ્રુપની પકડ અને વર્ચસ્વ કેટલું મજબૂત બન્યું છે.

માત્ર ભારત કે એશિયામાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના સ્તરે પણ અમીરોની રેક્કિંગમાં સતત પરિવર્તન આવી રહ્યા છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે એલોન મસ્ક આજે પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. તેમની કુલ સંપત્તિ $656 બિલિયન આંકવામાં આવી છે, જે તેમને વિશ્વમાં સૌથી આગળ રાખે છે. એલોન મસ્ક પછી લેરી પેજ અને જેફ બેઝોસ જેવા દિગ્ગજોનો નંબર આવે છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી જ વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓને કારણે દુનિયાના ટોચના ૨૦ રઈસોમાંથી ઘણા અબજોપતિઓની સંપત્તિમાં ઘટાડો જોવા મળ્યો છે. આ યાદીમાં બર્નાર્ડ આર્નોલ્ટ અને પ્રખ્યાત રોકાણકાર વોરેન બફેટ જેવા દિગ્ગજ નામો પણ સામેલ છે, જેમની નેટવર્થમાં આ વર્ષે ગાબડું પડ્યું છે.

### તરફેણમાં ૨૯૮ અને વિરુદ્ધમાં ૨૩૦ મત

## લોકસભામાં પસાર ન થઈ શક્યું મહિલા અનામત બિલ

### આ વિધેયકો પર લાંબી ચર્ચા ચાલી હતી અને વિપક્ષ દ્વારા આ બિલોનો સતત વિરોધ કરવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
લોકસભામાં શુક્રવારે મહિલા અનામત સાથે જોડાયેલા ત્રણ બિલો પર મતદાન કરવામાં આવ્યું હતું. આ પહેલા આ વિધેયકો પર લાંબી ચર્ચા ચાલી હતી અને વિપક્ષ દ્વારા આ બિલોનો સતત વિરોધ કરવામાં આવ્યો હતો. પીએમ નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા વિપક્ષને આ બિલનું સમર્થન કરવા અપીલ કરવામાં આવી હતી. જોકે, આખરે મહિલા અનામત સાથે જોડાયેલા આ બિલો લોકસભામાં પસાર થઈ શક્યા નહીં. બિલને લઈને સરકારને વિપક્ષનો સાથ મળી શક્યો નહીં.

લોકસભાના વિશેષ સત્રમાં આખરે મહિલા અનામત બિલ પસાર થઈ ના શક્યું. મહિલા અનામત અને સીમાંકન માટે આજે (૧૭ એપ્રિલ) લોકસભામાં બંધારણીય સુધારા (Constitution Amendment Bill) વિધેયક પર મતદાન કરાયું હતું, પરંતુ પરંતુ બે તૃતિયાંશ બહુમતી ના મળતા આ બિલ પસાર થઈ શક્યું નથી. મહિલા અનામત બિલ મુદ્દે ૫૨૮ સભ્યોએ મતદાન કર્યું છે. આ પૈકી તરફેણમાં ૨૯૮ મત પડ્યા છે, જ્યારે ૨૩૦ સભ્યોએ વિરુદ્ધમાં મત આપ્યો છે. આ સાથે જ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મતદાનના પરિણામોની સત્તાવાર જાહેરાત કરીને બિલના પરાજયની પુષ્ટિ કરી હતી. નોંધનીય છે કે, હવે લોકસભા શનિવારે સવારે ૧૧ વાગ્યે ફરી મળશે. આ પરિણામ અંગે પ્રતિક્રિયા આપતા સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'આ અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક બિલ પર જે પરિણામ આવ્યું છે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. વિપક્ષે એક સુવર્ણ તક ગુમાવી દીધી છે.'બિલ નાપાસ થયા બાદ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, "બંધારણ (૧૩૧મો સુધારો) સુધારા બિલ પસાર થઈ શક્યું નહીં કારણ કે તેને ગૃહમાં મતદાન દરમિયાન ૨/૩ બહુમતી મળી ન હતી. કુલ મત ૫૨૮ પડ્યા, જેમાંથી સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા. પહેલા રાઉન્ડમાં કુલ ૪૯૮ મત પડ્યા, જેમાં સમર્થનમાં ૨૭૮ અને વિરોધમાં ૨૧૧ મત પડ્યા. લોકસભામાં પહેલા રાઉન્ડમાં બંધારણ (૧૩૧મો સુધારો) સુધારા બિલના સમર્થનમાં ૨૭૮ મત પડ્યા અને ૨૧૧ મત વિરોધમાં પડ્યા. આમ, લોકસભામાં કુલ ૪૮૯ મતદાન થયું છે. ગૃહમંત્રી અમિત શાહ નારી શક્તિ વંદન અધિનિયમ પર લોકસભાને સંબોધિત કરી રહ્યા હતા. આ અવસરે તેમણે વિપક્ષ પર મહિલા અનામતનો વિરોધ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, વિપક્ષનો આ વિરોધ આ બિલના અમલીકરણ સામે નથી, પરંતુ મહિલાઓના અનામતની વિરુદ્ધમાં છે. સાથે જ તેમણે કહ્યું કે, અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૨૯ સુધી મહિલા સશક્તિકરણના વચનને પૂરું કરવા જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે, હું વચન આપું છું કે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી મહિલા અનામત સાથે જ પૂર્ણ થશે.

લોકસભામાં મહિલા અનામત સાથે જોડાયેલા બિલોને પસાર કરાવવા માટે સત્તારૂઢ NDA સામે સંખ્યાબળનો મોટો પડકાર ઉભો થયો છે. વર્તમાન સ્થિતિમાં NDA પાસે લોકસભામાં જરૂરી બે તૃતીયાંશ બહુમતી નથી, જેના કારણે આ મહત્વપૂર્ણ બંધારણીય સુધારા બિલને પસાર કરાવવા માટે વિપક્ષના સહયોગ અથવા ગેરહાજરી પર નિર્ભર રહેવું પડશે. લોકસભામાં NDA પાસે કુલ ૨૯૩ સાંસદ છે, જે ગૃહના લગભગ ૫૪ ટકા છે, જ્યારે વિપક્ષ પાસે ૨૩૩ સાંસદ છે. આ સિવાય કેટલાક અપક્ષ અને નાના પક્ષોના સભ્યો પણ છે, જેમની ભૂમિકા આ આખા ગણિતમાં નિર્ણાયક બની શકે છે. નિયમો મુજબ, કોઈપણ બંધારણીય સુધારા બિલને પસાર કરાવવા માટે ગૃહમાં હાજર અને મતદાન કરનારા સભ્યોના બે તૃતીયાંશ સમર્થનની જરૂર હોય છે. જો તમામ ૫૪૦ સભ્યો હાજર રહે, તો આ આંકડો ૩૬૦ સુધી પહોંચી જાય છે.

### AAP એ કહ્યું - આ ભાજપની ચૂંટણીની તૈયારી છે

## પંજાબમાં મંત્રી સંજીવ અરોરાના ઘરે ED ત્રાટકી

### આ દરોડા "હેમ્પટન હોમ્સ" પ્રોજેક્ટ સાથે જોડાયેલી જમીનમાં થયેલી ગેરરીતિઓ અંગે પાડવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ
પંજાબ સરકારના શક્તિશાળી મંત્રી સંજીવ અરોરાના ઘરે આજે વહેલી સવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ દરોડા પાડ્યા છે. મની લોન્ડરિંગ અને જમીન કૌભાંડના આરોપો હેઠળ થઈ રહેલી આ કાર્યવાહીને કારણે પંજાબના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.આજે સવારે લુધિયાણામાં મંત્રી સંજીવ અરોરાના આવાસને EDની ટીમે ચારે બાજુથી સીલ કરી દીધું હતું. ઘરની બહાર કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે અને કોઈને પણ અંદર કે બહાર જવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. અરોરાના ઘર ઉપરાંત તેમના અન્ય વ્યાપારીક ઠેકાણાઓ પર પણ તપાસ ચાલી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા 'હેમ્પટન હોમ્સ' પ્રોજેક્ટ સાથે જોડાયેલી જમીનમાં થયેલી ગેરરીતિઓ અંગે છે. આરોપ છે કે જે જમીન સરકાર દ્વારા ઉદ્યોગ બનાવવા માટે આપવામાં આવી હતી, ત્યાં કોલોની બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત વિદેશી લેવડદેવડમાં થયેલી કથિત અનિયમિતતાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.દરોડાના સમાચાર આવતા જ AAP નેતા સૌરભ ભારદ્વાજે ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, "પંજાબમાં ચૂંટણી નજીક આવતા જ ભાજપે પોતાની જૂની રણનીતિ શરૂ કરી દીધી છે. એજન્સીઓનો ઉપયોગ કરીને વિપક્ષી નેતાઓને ડરાવવાનો આ પ્રયાસ છે."સંજીવ અરોરા પંજાબના જાણીતા ઉદ્યોગપતિ છે અને મુખ્યમંત્રી ભગવંત માનના ખૂબ નજીકના માનવામાં આવે છે. તેઓ અગાઉ રાજ્યસભાના સાંસદ હતા, પરંતુ બાદમાં પેટાચૂંટણી જીતીને પંજાબ સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા. હાલ તેમની પાસે ઉદ્યોગ, ઉર્જા અને સ્થાનિક સ્વરાજ્ય જેવા મહત્વના મંત્રાલયોનો હવાલો છે.

## દસ્તાવેજોના કરાયેલા નબળા અનુવાદથી સુપ્રીમ કોર્ટ ચિંતિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
કાનૂની સહાય માંગવા માટે કરાયેલી અરજીઓ સહિતના દસ્તાવેજોના અત્યંત નબળા અનુવાદ પ્રત્યે ઘેરી ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે ગુરૂવારે દેશના તમામ હાઈકોર્ટને આ મુદ્દે ગંભીરતાપૂર્વક ચકાસણી કરી આગામી ચાર સપ્તાહમાં તે અંગે નિર્ણય કરવા જણાવ્યું હતું.ન્યાયમૂર્તિ સર્વશ્રી સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંઘની બેંચે કાનૂની સહાય માટેની અરજીઓ ફાઈલ કરવા માટેના રેકોર્ડની અદલાબદલી કરવા અને તેનો અનુવાદ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરને મંજૂર રાખવાનો આદેશ કર્યો હતો.અમારા નિરિક્ષણમાં આવ્યું છે કે તાજેતરમાં કેટલાંક કિસ્સાઓમાં અનુવાદની અત્યંત નબળી ગુણવત્તા જોવા મળી હતી અને તેના પ્રત્યે કોર્ટનું ધ્યાન દોરાયું છે. આ અનુવાદને જોતાં એમ લાગી રહ્યું છે કે અનુવાદમાં કેટલાંક માળાખાકીય ફેરફારો અનિવાર્ય હતા, તેથી સંબંધિત હાઈકોર્ટે આ મુદ્દે ગંભીરતાપૂર્વક દસ્તાવેજોની ચકાસણી કરવી અને આગામી ચાર સપ્તાહમાં તે અંગેનો નિર્ણય લેવો એમ બેંચે પોતાનું અવલોકન વ્યક્ત કરતાં કહ્યું હતું.“આથી આદેશ કરવામાં આવે છે કે આ આદેશની નકલ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ જરૂરી વિચારણા અને યોગ્ય કાર્યવાહી માટે રજૂ કરવામાં આવે,” એમ જણાવતાં સર્વોચ્ચ સર્વોચ્ચ અદાલતે ઉમેર્યું હતું કે SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર)ના સમગ્ર અમલીકરણને ઉચ્ચ ન્યાયાલયોની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવે છે, પરંતુ તેમાં નિર્ધારિત સમયમર્યાદાઓ બાંધકામરૂપ માનવામાં આવશે.“આનો હેતુ એવા કેસોમાં અપીલ દાખલ કરવાની પ્રક્રિયાને સુગમ અને સરળ બનાવવાનો છે, જેમાં સંબંધિત લીગલ સર્વિસીસ કમિટીઓને આગેવાની લેવાની જરૂર હોય છે. અમને આશા છે કે આ પગલું માળખાકીય ખામીઓને દૂર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે, જેણે આ અદાલતને વર્તમાન કાર્યવાહી આગળ વધારવા પ્રેરિત કર્યું હતું, ઉપરાંત જે મૃત્યુ સંદર્ભ (ડેથ રેફરન્સ)માંથી આ પ્રક્રિયા શરૂ થઈ હતી તેની સાથે પણ સંકળાયેલ છે,” એમ તેણે જણાવ્યું હતું.

### જેકલીન ફર્નાન્ડીઝ બનશે સરકારી સાક્ષી!

## મની લોન્ડરિંગ કેસમાં મહાઠગ સુકેશ ચંદ્રશેખરને મોટો ઝટકો

### મની લોન્ડરિંગ કેસમાં જેકલીને શુક્રવારે પટિયાલા હાઉસ કોર્ટમાં સરકારી સાક્ષી(એપ્રુવર) બનવા અરજી કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ ફરી એકવાર ચર્ચામાં આવી છે. કથિત મહાઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં જેકલીને શુક્રવારે પટિયાલા હાઉસ કોર્ટમાં 'સરકારી સાક્ષી'(એપ્રુવર) બનવા માટે અરજી કરી છે. આ મામલે એડિશનલ સેશન જજ પ્રશાંત શર્માએ પ્રોસિક્યુશનને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે અને હવે આ કેસની આગામી સુનાવણી ૨૦ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. મહત્ત્વનું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) દ્વારા જેકલીનને આ કેસમાં સહ-આરોપી બનાવવામાં આવી છે. તપાસ એજન્સીનો આરોપ છે કે સુકેશે પૂર્વ ફોર્ટિસ હેલ્થકેર પ્રમોટર શિવિંદર સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી પડાવેલા કરોડો રૂપિયામાંથી જેકલીનને મોંઘી ભેટ-સોગાદો આપી હતી, જેનો અભિનેત્રીએ આનંદ માણ્યો હતો. આ કેસની શરૂઆત ઓગસ્ટ ૨૦૨૨માં દિલ્હી પોલીસના ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) દ્વારા નોંધાયેલી FIRથી થઈ હતી, જેમાં સુકેશ પર કેન્દ્રીય કાયદા સચિવ હોવાનો ઢોંગ કરી છેતરપિંડી કરવાનો આરોપ છે.કાયદાકીય પ્રક્રિયા મુજબ, જો કોઈ આરોપી કે સહ-આરોપી તપાસમાં મદદ કરવા અને કેસના તમામ સત્યો જાહેર કરવા તૈયાર હોય, તો તે સરકારી સાક્ષી બનવા માટે કોર્ટમાં અરજી કરી શકે છે. CrPCની કલમ ૩૦૬ હેઠળ, જો તપાસ એજન્સી આ વિનંતી સ્વીકારે અને કોર્ટને ખાતરી થાય કે આરોપી સંપૂર્ણ સત્ય જણાવી રહ્યો છે, તો તેને માફી આપી શકાય છે. જોકે, જેકલીનને આ માફી મળશે કે નહીં, તેનો અંતિમ નિર્ણય કોર્ટના હાથમાં છે. જો જેકલીન સરકારી સાક્ષી બનશે, તો સુકેશ ચંદ્રશેખરની મુશ્કેલીઓમાં મોટો વધારો થઈ શકે છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે ૧૦ દિવસનો યુદ્ધ વિરામ જાહેર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન
ઈઝરાયેલ અને લેબેનોન ૧૦ દિવસના યુદ્ધ વિરામ માટે સંમત થયા હોવાનું યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું. ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે કહ્યું હતું કે, લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ એઓઉન અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ઉત્તમ વાતચીત થઈ હતી. પોતાના દેશમાં શાંતિ સ્થાપવા બંને નેતા પરસ્પર ૧૦ દિવસના યુદ્ધ વિરામ સાથે શરૂ કરી રહ્યા છે. વિશ્વમાં શાંતિના મસિહા તરીકે પોતાની છાપ બનાવવા મથી રહેલા ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ૩૪ વર્ષમાં પ્રથમ વખત કોઈએ ૯ યુદ્ધ રોકાવ્યા છે. આ ગૌરવ મને મળ્યું છે અને હવે ૧૦મુ યુદ્ધ રોકાવવા જઈ રહ્યો છું. ૧૯૮૩ બાદ પ્રથમ વખત ઈઝરાયેલ અને લેબેનોનના નેતાઓને અર્થસભર વાટાઘાટો માટે આમંત્રિત કર્યા છે. ઈઝરાયેલ-લેબેનોનના વડાઓ વચ્ચે વાટાઘાટો દરમિયાન શાંતિ કરાર થાય તેવા પ્રયાસોમાં મદદરૂપ થવા માટે ટ્રમ્પે ઉપ પ્રમુખ જે ડી વેન્સ, સેક્રેટરીી ઓફ સ્ટેટ માર્કો રુબિયો તથા જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન ડેન રેઝિન કેઈનને સૂચના આપી છે. ઈઝરાયેલ-લેબેનોન વાતચીતમાં સફળતાની આશા રાખતા ટ્રમ્પે કહ્યું હતું કે, બંને દેશ શાંતિ ઝંખી રહ્યા છે. ટ્રમ્પે કરેલા દાવાથી વિપરિત સ્થિતિ ઈઝરાયેલ-લેબેનોન વચ્ચે પ્રવર્તી રહી હોવાનું ચિત્ર ઉપસ્યું છે. ઈરાન-યુએસ યુદ્ધ વિરામ દરમિયાન પણ ઈઝરાયેલે લેબેનોન પર હુમલા ચાલુ રાખ્યા હતા. હિજબુલ્લાહનો સફાયો કરવા માટે આ હુમલા થયા હોવાનો દાવો ઈઝરાયેલે કર્યો હતો. અગાઉ નેતન્યાહૂએ લેબેનોનમાં હિજબુલ્લાહ પર હુમલા ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. નેતન્યાહૂના આ વલણ સામે નારાજગી વ્યકત કરતાં લેબેનોન રાષ્ટ્રપતિ જોસેફે નેતન્યાહૂ સાથે વાત કરવા નનૈયો ભણી દીધો છે. ઈરાન તેની પાસે રહેલાં યુરેનિયમનો જથ્થો આપવા સહમત થયું હોવાનો અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે મોડી રાત્રે દાવો કર્યો હતો. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારોને સંબોધતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈરાન ન્યૂક્લિયર ડસ્ટ અમને સોંપવા સહમત થયું છે, જેને પગલે બંને પક્ષો વચ્ચે ટૂંક સમયમાં શાંતિ સ્થપાશે. તેમની સાથે સોદો કરવાની શક્યતા વધી ગઈ છે તેમ ટ્રમ્પે જણાવ્યું હતું. જોકે ઈરાને ટ્રમ્પના આ દાવાને ફગાવી દીધો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, જો ઈરાન સાથેનો સોદાને અંતિમ સ્વરૂપ અપાશે તો તેની પર હસ્તાક્ષર કરવા માટે ઈસ્લામાબાદ જશે. ટ્રમ્પના જણાવ્યાં અનુસાર, ઘણાં લાંબા સમય સુધી ઈનકાર કર્યા બાદ ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવવાનું બંધ કરવા તથા તે માટેની યુરેનિયમ સહિતની સામગ્રી અમેરિકાને સોંપવા સહમત થયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઈરાન સાથેના કરારમાં ળી ઓઈલ તથા હોર્મુઝની ખાડીમાં મુક્ત અવરજવરનો પણ સમાવેશ થશે.હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા જહાજોને સેફ પેસેજ આપવાની માગણી સાથે ચીનના સંરક્ષણ મંત્રી વાંગ યીએ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીને કોલ કર્યો હતો.

ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3010
TATA PLAY
CHENNAL NO. 2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## કેનેડામાંથી મોટા પાયે ડિપોર્ટેશનની તૈયારી

કેનેડામાં વસતા ઈમિગ્રન્ટ્સ અને શરણાર્થીઓ માટે મુશ્કેલીઓ વધી રહી છે, કારણ કે કેનેડાની સરકારે હવે તેમના નિયમોમાં ભારે કડકાઈ વર્તવાનું શરૂ કર્યું છે. કેનેડા સરકાર દ્વારા મોટી સંખ્યામાં શરણાર્થીઓ અને અસ્થાયી રહેવાસીઓને નોટિસ મોકલવામાં આવી રહી છે, જેમાં સંકેત આપવામાં આવ્યો છે કે તેઓ હવે દેશમાં રહેવા માટે પાત્ર નથી અને તેમણે પરત ફરવાની તૈયારી કરવી પડી શકે છે. ખાસ કરીને ભારત વિરોધી પ્રવૃત્તિઓ કે ખાલિસ્તાન સમર્થક દાવાઓના આધારે શરણ માંગનારાઓ પર આ નિર્ણયની મોટી અસર પડી શકે છે. અગાઉ કેનેડા આવા કિસ્સાઓમાં સરળતાથી આશરો આપી દેતું હતું, પરંતુ હવે સ્થિતિ બદલાઈ રહી છે. ઈમિગ્રેશન વિભાગ (IRCC) દ્વારા લગભગ ૩૦,૦૦૦ જેટલા અરજદારોને પ્રોસિજરલ ફેરનેસ લેટર્સ મોકલવામાં આવ્યા છે. આ નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે તેમની અરજીઓ નિર્ધારિત ધોરણો પર ખરી ઉતરતી નથી. જોકે, સરકાર આને સીધો ડિપોર્ટેશન ઓર્ડર નથી ગણાવી રહી, પરંતુ ચેતવણી જરૂર આપી છે કે જો યોગ્ય પુરાવા રજૂ કરવામાં નહીં આવે તો તેમને ટૂંક સમયમાં કેનેડા છોડવું પડશે. આ કડક કાર્યવાહી પાછળ નવો કાયદો બિલ સી-૧૨ (Bill C-12) જવાબદાર છે, જેણે શરણ લેવાના નિયમો અત્યંત જટિલ બનાવી દીધા છે. નવા નિયમો મુજબ, જે લોકો કેનેડા આવ્યાના એક વર્ષની અંદર શરણ માટે અરજી નથી કરતા અથવા અમેરિકાની સરહદથી અનિયમિત રીતે કેનેડા પ્રવેશીને ૧૪ દિવસમાં દાવો નથી કરતા, તેમને અપાત્ર જાહેર કરી શકાય છે. ઈમિગ્રેશન નિષ્ણાતોનું માનવું છે કે આનાથી કેનેડામાં છુપાયેલા ભારત વિરોધી તત્વો પર લગામ કસાશે. જોકે, વકીલો અને નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે કે રૂબરૂ સુનાવણીને બદલે માત્ર કાગળ પર લેવાતા નિર્ણયોને કારણે સાચા અરજદારોને પણ અન્યાય થઈ શકે છે. હાલમાં હજારો લોકો કેનેડામાં અનિશ્ચિતતા અને ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

# ખેડુતો દેશની કરોડરજજુ છે તેમના પ્રશ્નો ઉકેલવા સરકારની ફરજ: ઈસુદાન ગઢવી

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં પુરો દમ લગાવીને આગળ વધી રહી છે અને સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર જનસભાઓ, મહોલ્લા સભાઓ, ખાટલા બેઠકો, ડોર ટુ ડોર અભિયાન જેવા કાર્યક્રમો કરી રહી છે, હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા અને વિજય વિશ્વાસ સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે તો તારીખ ૧૬ એપ્રિલના રોજ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની ઉપસ્થિતિમાં દેવભુમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા અને જામપર ખાતે વિજય વિશ્વાસસભાઓ યોજાઈ હતી.

આ સાથે ભોગાત ગામે ખાટલા બેઠક યોજી ખેડુતોની સમસ્યા જાણી હતી અને આમ આદમી પાર્ટી માટે મત માગ્યા હતા. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ના પદાધિકારીઓ, સ્થાનિક અધિકારીઓ, મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, ઉમેદવારો અને વિશાળ સંખ્યામાં સામાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. તમામ જગ્યાએ લોકોએ આમ આદમી પાર્ટીને જબરદસ્ત આવકાર આપ્યો હતો અને આવનારી ચુંટણીમાં ઝાડુ ના બટન દબાવવા માટે પોતાની તૈયારી દેખાડી હતી. આ પરથી સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે કે આવનારી ચુંટણીમાં આમ આદમી પાર્ટી પ્રજાનો સાથ મેળવીને ગુજરાતમાં નવો ઈતિહાસ રચશે. આ તકે ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે આજે ખેડુતો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. રોડ રસ્તા, સિંચાઈ,




પાણી અને વિજળી જેવા તેમજ ખેતીના પ્રશ્નોથી ખેડુતો પરેશાન છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે દુનિયા આજે ચંદ્ર અને મંગળ સુધી પહોચી ગઈ છે. પરંતુ ખેડુતો હજુ પણ મુળભુત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. ખેડુતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળતો નથી અને ઘણીવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમને વધુમાં જણાવ્યુ હતુ કે ખેડુતોને પોતાના હક્ક માટે અવાજ ઉઠાવવો પડે તો તેમને રોકવામાં આવે છે. જયારે મોટી કંપનીઓને સરળતાથી તમામ સુવિધાઓ મળી જાય છે. સરકાર ખેડુતો માટે પુરતી કામગીરી કરતી નથી, જેના કારણે ખેડુતોમાં અસંતોષ વધતો જઈ રહ્યો છે. તેમણે સરકારને અનુરોધ કર્યો હતો કે ખેડુતોના પ્રશ્નોનો તાત્કાલીક ઉકેલ લાવવામાં આવે, જેમાં જમીન સંબંધિત પ્રશ્નો, પાણી અને વિજળીની સમસ્યાઓનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ખેડુતો દેશની રીડ છે અને તેમના પ્રશ્નોનુ નિરાકરણ લાવવુ સરકારની પ્રથમ જવાબદારી હોવી જોઈએ, વધુમાં તેમણે કહ્યુ હતુ કે જે પોતાના હક્ક અને અધિકાર માટે બોલી શકતા નથી તે લોકો ગુલામ સમાન છે.

ગુજરાતમાં જે પરીસ્થિતિ ઉભી થઈ રહી છે. તે ખુબ જ ચિંતાજનક છે. ભાજપના ઘણા નેતાઓ પોતે ચુંટણી જીતી શકે એવી સ્થિતિમાં ન હોવાથી લગભગ ૭૦૦ જેટલી બેઠકો બિનહરીફ બનાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. આ રીતે ગુજરાતને બિહાર જેવી પરીસ્થિતિ તરફ ધકેલવામાં આવી રહ્યુ છે. હવે જાગવાની જરૂર છે, વિરોધ પક્ષના ઉમેદવારોને પકડીને, ધમકી આપી અને દબાણ કરીને તેમના ફોર્મ પાછા ખેંચાવવાની કોશિષ કરવામાં આવી રહી હતી.

જો કોઈને ભાજપ બહુ સારી લાગે છે તો ભાજપ સામે અપક્ષ તરીકે ફોર્મ ભરીને જોઈ લો, બીજા જ દિવસે ભાજપની સાચી હકીકત બહાર આવી જશે. વધુમાં જણાવ્યુ હતુ કે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ખેડુતોને મફત અને દિવસ દરમિયાન વિજળી આપી રહી છે. જો આવનાર ચુંટણીમાં આમ આદમી પાર્ટીની જીત થશે તો ખેડુતોના હિતમાં નિર્ણય લેવાશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# દહેગામમાં પશુપાલકોએ ભાજપના ચુંટણી પ્રચાર વખતે નો વોટ ના સુત્રોચ્ચાર સાથે બેનરો લગાડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દહેગામ તાલુકાના પશુપાલકોનો ઉત્તમ અને મધુર ડેરી વચ્ચેનો વિવાદ હવે રાજકીય રંગ માં ફેરવાયો હોવાનો બનાવ સ્થાનિક સ્વરાજયની ચુંટણી ટાંણે બહાર આવ્યો છે. દહેગામના બારીયા ગામે પ્રચાર માટે આવેલા ભાજપના કાર્યકરો સામે



પશુપાલકોએ નો વોટ ના સુત્રોચ્ચાર

કર્યા હતા. દુધ ભરાવવામાં અન્યાય થતો હોવાનો પ્રશ્ન આગળ કરી દહેગામના પશુપાલકો આંદોલન ઉપર ઉતર્યા છે. ભારે સંઘર્ષ કર્યા પછી પણ યોગ્ય ઉકેલ નહી આવતા હવે પશુપાલકો આ પ્રશ્નને સ્થાનિક સ્વરાજયની ચુંટણી સાથે સાંકળી રહ્યા છે. બારીયા ગામે કાર્યકરો સાથે ભાજપનો પ્રચાર કરવા પહોચેલા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના કાફલા સામે ગ્રામજનોએ સુત્રોચ્ચાર કર્યા હતા. અમદાવાદ જિલ્લા ડેરી સંઘ ઉત્તમ ડેરી અને ગાંધીનગર જિલ્લા સંઘ મધુર ડેરી વચ્ચેના કાનુની અને વહિવટી ગજગ્રાહમાં પશુપાલકો પીસાઈ રહ્યા છે. પશુપાલકોની ફરીયાદ છે કે વહિવટી તંત્રના અંદરો અંદરના વિખવાદને કારણે અમને આર્થિક નુકશાન વેઠવુ પડી રહ્યુ છે. તેના ભાગરૂપે પશુપાલકોએ મધુર ડેરીમાં દુધ નહી તો વોટ નહી ના નારા સાથે એક વ્યાપક લડત શરૂ કરી છે. ધારાસભ્ય પોતાના સમર્થકો અને ભાજપના કાર્યકરો સાથે ગઈ કાલે બારીયા ગામે પ્રચાર કરવા પહોચ્યા હતા. ત્યારે પશુપાલકોએ હાથમાં બેનરો લઈ ઉભા રહી ગયા હતા. પશુપાલકો ઈચ્છતા હતા કે લોકપ્રતિનિધિ તેમની વાત સાંભળે અને આ ડેરી વિવાદનો કાયમી ઉકેલ લાવે, રજુઆત સાંભળી ધારાસભ્યના ગયા બાદ ગ્રામજનોએ ભાજપના કાર્યકરોને ઘેરી લઈ પોતાનો આક્રોશ ઠાલવતા ચેતવણી આપી હતી.

### જૂના વિવાદનો લોહીયાળ અંત

# ભત્રીજાએ કાકીને પાવડાના ઘા ઝીંકી પતાવી દીધી

### બચાવવા માટે વચ્ચે પડેલા બે બાળકો પણ ઘાયલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લામાં પારિવારિક વિવાદે ભયાનક સ્વરૂપ લીધું છે, જ્યાં એક ભત્રીજાએ પોતાની જ કાકીની હત્યા કરી દીધી. ઘટના મહુઆડીહ પોલીસ સ્ટેશન વિસ્તારના રામપુર બનહર ગામની છે, જ્યાં બુધવારે મોડી રાત્રે બે પરિવારો વચ્ચે બોલાચાલી એટલી વધી ગઈ કે મામલો હિંસામાં ફેરવાઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકની ઓળખ ૪૨ વર્ષીય રવીતા દેવી તરીકે થઈ છે, જે ઉમેશ વિશ્વકર્માના પત્ની હતા. ઉમેશ હાલ વિદેશમાં કામ કરે છે. જાણવા મળી રહ્યું છે કે, બંને પરિવારો પરસ્પર સંબંધી છે અને કોઈ જૂના વિવાદને લઈને તેમની વચ્ચે દલીલબાજી ચાલી રહી હતી.

આ દરમિયાન ગુસ્સામાં આવીને આરોપી યુવકે પાવડા વડે રવીતા દેવી પર હુમલો કરી દીધો હતો. તેણે તેમના માથા અને ગરદન પર અનેક ઘા કર્યા હતા, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થઈને ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા. ઘટના સમયે બે બાળકો બચાવવા માટે ગયા હતા, પરંતુ તેઓ પણ ઘાયલ થયા હતા. ઘટના બાદ પરિવારજનો અને સ્થાનિક લોકો રવીતા દેવીને તરત જ મહર્ષિ દેવરાહા બાબા મેડિકલ કોલેજ લઈ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી આખા ગામમાં સનસનાટી મચી ગઈ છે અને વિસ્તારમાં તણાવનો માહોલ છે.

માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. સંજય રેડ્ડી અને મહુઆડીહ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અમિત કુમાર રાય પોલીસ ફોર્સ સાથે ગામમાં પહોંચ્યા અને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પોલીસે જણાવ્યું કે, મુખ્ય આરોપી ઘટનાને અંજામ આપ્યા બાદ ફરાર થઈ ગયો છે, જ્યારે તેના પરિવારના કેટલાક સભ્યોને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે.પોલીસનું કહેવું છે કે, હત્યાની આ ઘટના પારિવારિક વિવાદનું પરિણામ છે. આરોપીની શોધમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ટૂંક સમયમાં તેની ધરપકડ કરવામાં આવશે.

# બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં ચુંટણી અગાઉ જ જનતાનો રોષ : વોટ માંગવા આવવુ નહી: વોર્ડ નં. ૨ ની સોસાયટીઓમાં નેતાઓ પર પ્રતિબંધના બેનરો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે જિલ્લાના મુખ્યમથક પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં નેતાઓ માટે ચિંતાજનક સમાચાર આવ્યા છે. શહેરના વોર્ડ નં. ૨ માં સ્થાનિક રહીશોએ એકત્ર થઈને ચુંટણીનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે અને રાજકીય પક્ષોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતા બેનરો લગાડી દીધા છે.

પાલનપુરની લક્ષ્મીનગર સોસાયટી, ભાગ્યોદય સોસાયટી, આસોપાલવ સોસાયટી સહિતના વિસ્તારોમાં ઠેર ઠેર બેનરો જોવા મળી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે વરસોથી પડતર પ્રશ્નો અને પાયાની સુવિધાઓ મામલે માત્ર વાયદાઓ જ મળ્યા છે. આ રોષને પગલે રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યુ છે કે કોઈપણ પાર્ટીના નેતાઓ કે કાર્યકરોએ અહી વોટ માંગવા આવવુ નહી, સામાન્ય રીતે ચુંટણી સમયે નેતાઓ સોસાયટીઓમાં પ્રચાર માટે ઉમટી પડતા હોય છે, પરંતુ પાલનપુરના આ વિસ્તારોમાં નેતાઓ પર પ્રતિબંધ મુકાતા રાજકીય ગરમાવો વધી ગયો છે. સ્થાનિકોએ એક જ નિર્ણય કર્યો છે કે જયાં સુધી સમસ્યાઓનુ નિરાકરણ નહી આવે ત્યાં સુધી કોઈપણ પક્ષને સમર્થન આપવામાં આવશે નહી, ચુંટણીના શ્રીગણેશ થાય તે પહેલા જ જનતાનો આ મિજાજ ઉમેદવારો માટે મુશ્કેલી ઉભી કરી શકે તેમ છે.




### સુપ્રીમ કોર્ટે ફરી એકવાર સ્થિતિ સ્પષ્ટ કરી

# યુનિફોર્મ સિવિલ કોડ બંધારણીય લક્ષ્ય અને ધર્મ સાથે કોઈ લેવા-દેવા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર સ્થિતિ સ્પષ્ટ કરી છે. ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે જણાવ્યું છે કે, સમાન નાગરિક સંહિતા ભારતનું બંધારણીય લક્ષ્ય છે અને તેને કોઈ ચોક્કસ ધર્મ સાથે જોડવું જોઈએ નહીં. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ વિરુદ્ધ દાખલ કરાયેલી એક રિટ પિટિશનની સુનાવણી દરમિયાન સીજેઆઈએ આ મહત્વનું અવલોકન કર્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચ મુસ્લિમ મહિલાઓના વારસાના અધિકારો અંગેની અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, મુસ્લિમ પર્સનલ લો મહિલાઓ સાથે ભેદભાવ કરે છે.

સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે, આદર્શ રીતે એક એવો યુનિફોર્મ સિવિલ કોડ હોવો જોઈએ જે તમામ ધર્મોના વારસાના અધિકારોને નિયંત્રિત કરે. પરંતુ મુસ્લિમોમાં એવો ડર છે કે UCC ના નામે તેમના પર હિન્દુ સિવિલ કોડ થોપી દેવામાં આવશે.આ દલીલના જવાબમાં સીજેઆઈએ સ્પષ્ટ કર્યું કે UCC એ માત્ર કાયદો નથી પણ એક બંધારણીય વાસ્તવિકતા છે, જેનો ઉદ્દેશ્ય સમાનતા લાવવાનો છે, કોઈ ધર્મ પર પ્રહાર કરવાનો નહીં.

સુનાવણી દરમિયાન જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ પણ મહત્વની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, સમાજમાં એક વૈજ્ઞાનિક, તર્કસંગત અને માનવતાવાદી દ્રષ્ટિકોણ વિકસિત થવો જોઈએ, જે આપણા મૂળભૂત કર્તવ્યોમાં પણ સામેલ છે. જ્યારે પ્રશાંત ભૂષણે કહ્યું કે, આપણે વિપરીત દિશામાં જઈ રહ્યા છીએ, ત્યારે કોર્ટે બંધારણીય ગરિમા જાળવવા પર ભાર મૂક્યો હતો.

ન્યાય નારી ફાઉન્ડેશન અને વકીલ પૌલોમી પાવની શુક્લા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં આર્ટિકલ ૩૨ હેઠળ મુસ્લિમ પર્સનલ લોને પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ માર્ચ મહિનામાં પણ સીજેઆઈ સૂર્યકાંતે સ્પષ્ટ કર્યું હતું કે મહિલાઓના અધિકારો સાથે જોડાયેલા ભેદભાવના પ્રશ્નોનો એકમાત્ર જવાબ યુનિફોર્મ સિવિલ કોડ જ છે.

### ૯ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

# ગુજરાતમાં હવે બે નહીં ત્રણ દિવસ થશે માવઠું

### આગામી ૩ દિવસમાં ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના અલગ-અલગ ભાગોમાં મહત્તમ તાપમાન 40°C ને વટાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ધીરે ધીરે ઉનાળાનો પ્રકોપ દેખાઈ રહ્યો છે. રાજ્યના કેટલાય વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. લોકો સવારે અને સાંજે જ જાણે ઘરની બહાર નીકળી રહ્યા છે. બપોરના બળબળતા તડકામાં તો લોકો ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે આ કાળઝાળ ગરમી બાદ વરસાદ પડવાની પણ આગાહી આપી દીધી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આપેલી માહિતી પ્રમાણે, ૧૭ એપ્રિલના સવારે ૮.૩૦ કલાકે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ સહિતના આખા ગુજરાતમાં દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન શુષ્ક રહ્યું હતું. ગુજરાતના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ હતું; સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક અન્ય ભાગોમાં સામાન્ય કરતાં ઓછું; બાકીના પ્રદેશમાં સામાન્ય તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૪૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આ સાથે હવામાન વિભાગે જણાવ્યું કે, પશ્ચિમી વિક્ષેપ મધ્ય અને ઉપલા સ્તરના ઉપઉષ્ણકટિબંધીય પશ્ચિમી ક્ષેત્રમાં ટ્રફ રચાયું હતું. દક્ષિણપૂર્વ પાકિસ્તાન અને નજીકના રાજસ્થાન પર અપર એર સર્ક્યુલેશન છે. ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી દક્ષિણપશ્ચિમ મધ્યપ્રદેશ સુધી પૂર્વ રાજસ્થાનમાં ૦.૯ કિમી ઉપર એક ટ્રફ ફેલાયેલું છે. ગઈકાલે દક્ષિણપૂર્વ રાજસ્થાનથી મણિપુર સુધીનો પૂર્વ-પશ્ચિમ ટ્રફ ઉત્તરપૂર્વ મધ્યપ્રદેશ, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, બાંગ્લાદેશ અને દક્ષિણપૂર્વ આસામ પર ફેલાયેલું અપર એર સર્ક્યુલેશન લેસ માર્ક બન્યું છે.

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે, આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની અપેક્ષા નથી. આગામી ૩ દિવસમાં ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના અલગ-અલગ ભાગોમાં મહત્તમ તાપમાન 40°C ને વટાવી જવાની શક્યતા છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૯ એપ્રિલ એટલે રવિવારના રોજ ભાવનગર, અમરેલી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

૨૦ એપ્રિલના રોજ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી તથા દક્ષિણ ગુજરાતમાં તાપી અને ડાંગમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આપેલા વેધર રિપોર્ટ પ્રમાણે, ૨૧ એપ્રિલના રોજ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી તથા દક્ષિણ ગુજરાતના ભરૂચ અને સુરતમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

### કહ્યું- સમજી જાવ તો મેસેજ કરજો

# સંસદમાં રાહુલ ગાંધીએ ૧૬ નંબરનું મિસ્ટ્રી કાર્ડ બતાવતા તર્ક-વિતર્ક!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહિલા અનામત અને સીમાંકન બિલ પર ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ સંસદમાં અચાનક ૧૬ નંબર લખેલું કાર્ડ બતાવી સૌ કોઈને વિચારતા કરી દીધા છે. શુક્રવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પોતાના ભાષણના અંતે એક એવી પઝલ રજૂ કરી જેણે સૌને વિચારતા કરી દીધા છે. રાહુલ ગાંધીએ એક કાર્ડ બતાવ્યું જેના પર ૧૬ નંબર લખેલો હતો. તેમણે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતાં કહ્યું કે, કાલે વડાપ્રધાનમાં એનર્જી ઓછી હતી. અચાનક મને યાદ આવ્યું કે આજે ૧૬ એપ્રિલ છે!

રાહુલ ગાંધીએ આ કોયડો અધૂરો છોડતાં કહ્યું કે, આ ૧૬ નંબરના કાર્ડ પાછળ શું રહસ્ય છે તે દેશની જનતાને ટૂંક સમયમાં ખબર પડી જશે. જો કોઈ સમજી ગયું હોય કે હું શું કહી રહ્યો છું, તો પ્લીઝ મને મેસેજ કરજો. રાહુલના આ નિવેદન બાદ અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. સંબોધનની શરૂઆતમાં રાહુલ ગાંધીએ હસતાં હસતાં કહ્યું, જુઓ, મને અને વડાપ્રધાનને કોઈ વાઈફ ઈશ્યુ નથી!. રાહુલ ગાંધીના આ વિનોદ પર પરિસરમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, પહેલું સત્ય તો એ છે કે આ મહિલા અનામત બિલ નથી, કારણ કે તે તો ૨૦૨૩માં જ પસાર થઈ ચૂક્યું છે. આ બિલ દેશનો ચૂંટણી નકશો બદલવાનો પ્રયાસ છે. આ બિલનો મહિલા સશક્તિકરણ સાથે કોઈ લેવાદેવા નથી. સરકાર માત્ર સત્તા જાળવી રાખવા માટે આ દાવ રમી રહી છે.

### અકસ્માત કે હત્યા? શિવસેનાએ તપાસની કરી માંગ

# અશોક ખરાતના અંગત ગણાતા ડો. જિતેન્દ્ર શેળકેનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના સમૃદ્ધિ હાઈવે પર એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. જેમાં શિવનિકા ટ્રસ્ટના ઉપાધ્યક્ષ ડૉ. જિતેન્દ્ર શેલકેનું કરુણ મોત નીપજ્યું છે. ડૉ. શેલકે વિવાદિત અશોક ખરાતના અત્યંત નજીકના માનવામાં આવતા હતા. આ ઘટના બાદ હવે મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને શિવસેનાએ (UBT) મોત પાછળ કોઈ ષડયંત્ર હોવાની આશંકા વ્યક્ત કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડૉ. જિતેન્દ્ર શેલકે પોતાની કારમાં પરિવાર સાથે સંભાજીનગર તરફ જઈ રહ્યા હતા. બપોરે ૧૨:૩૦ થી ૧ વાગ્યાની આસપાસ સમૃદ્ધિ હાઈવે પર રસ્તા કિનારે ઉભેલા એક ટ્રેલરની પાછળ તેમની કાર જોરદાર રીતે અથડાઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કારનો આગળનો ભાગ ટ્રેલરમાં ઘૂસી ગયો હતો. આ અકસ્માતમાં ડૉ. શેલકેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમના પત્ની અને પુત્ર ગંભીર રીતે ઘાયલ થયા છે. બંનેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડૉ. શેલકે શિવનિકા ટ્રસ્ટમાં મહત્વનું પદ ધરાવતા હતા. તેઓ લાંબા સમયથી અશોક ખરાત સાથે જોડાયેલા હતા અને ટ્રસ્ટના જમીન સોદા સહિતના અનેક મહત્વના નિર્ણયોમાં તેમની મુખ્ય ભૂમિકા રહેતી હતી. તાજેતરમાં જ્યારે અશોક ખરાત સાથે જોડાયેલા વિવાદો સામે આવ્યા, ત્યારે આખું ટ્રસ્ટ પોલીસની નજરમાં હતું. જોકે, અત્યાર સુધી ડૉ. શેલકેની કોઈ પૂછપરછ કરવામાં આવી નહોતી.

આ અકસ્માત બાદ શિવસેના (UBT) નેતા સુષમા અંધારેએ ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. તેમણે આ ઘટના પર શંકા વ્યક્ત કરતા કહ્યું કે, ડૉ. જિતેન્દ્ર શેલકેના મોત સમાચાર ચોંકાવનારા છે. અગાઉ પણ અનેક લોકોએ આશંકા વ્યક્ત કરી હતી કે અશોક ખરાત અથવા તેમના નજીકના લોકોના જીવને જોખમ છે.

હવે આ અકસ્માત થવો તે જૂની આશંકાઓને સાચી સાબિત કરી રહી હોય તેવું લાગે છે. આ ઘટના બાદ હવે ખરાતની સુરક્ષા પર પણ સવાલો ઉભા થયા છે. પોલીસે હાલમાં અકસ્માતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. શું આ માત્ર એક અકસ્માત હતો કે તેની પાછળ કોઈ મોટું કારણ છે, તે દિશામાં પણ તપાસ થવી જરૂરી બની છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૩૯૦નો કડાકો: સોનાના વાયદામાં રૂ.૭૨ અને ચાંદીના વાયદામાં રૂ.૨૮૭૬ની વૃદ્ધિ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૨૩.૨૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૬૯૧.૩૭ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૮૦૧.૦૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૦૭૯ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૫૦૧૫.૪૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૨૩.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૪૬૯૧.૩૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૦૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૫૦.૯૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૮૦૧.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૩૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૩૬૪ અને નીચામાં રૂ.૧૫૨૫૪૭ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૧૫૨ના આગલા બંધ સામે રૂ.૭૨ વધી રૂ.૧૫૩૨૨૪ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૩ વધી રૂ.૧૨૨૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૧૫૩૩૬ થયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮ વધી રૂ.૧૫૧૮૭૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૫૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૫૭૭ અને નીચામાં રૂ.૧૫૧૪૧૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૦૮૯ના આગલા બંધ સામે રૂ.૪૯ વધી રૂ.૧૫૨૧૩૮ના સ્તરે પહોંચ્યો હતો.


ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૨૭૨૬ અને નીચામાં રૂ.૨૪૮૪૯૯ના મથાળે અથડાઈ, રૂ.૨૪૮૬૨૮ના આગલા બંધ સામે રૂ.૨૮૭૬ વધી રૂ.૨૫૧૫૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૬૬૦ વધી રૂ.૨૫૨૮૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૭૧૨ વધી રૂ.૨૫૩૦૧૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૫૮૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧.૨ વધી રૂ.૧૨૬૯.૯ થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧ વધી રૂ.૩૪૧.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૫ પૈસા ઘટી રૂ.૩૭૨.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૫ પૈસા ઘટી રૂ.૧૯૪.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૮૨૨.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૦૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૨૧ અને નીચામાં રૂ.૪૮૫૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૮ ઘટી રૂ.૪૯૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૬૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૭૨૭ અને નીચામાં રૂ.૮૩૭૪ના મથાળે અથડાઈ, રૂ.૮૮૫૬ના આગલા બંધ સામે રૂ.૩૯૦ ઘટી રૂ.૮૪૬૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૩૮૭ ઘટી રૂ.૮૪૬૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૭ વધી રૂ.૨૫૦.૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૫ વધી રૂ.૨૫૦.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૮૨.૬ના ભાવે ખૂલી, રૂ.૪.૧ ઘટી રૂ.૯૮૬.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૧૨૦ વધી રૂ.૨૯૩૪૦ થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૮૨૦ના ભાવે ખૂલી, રૂ.૧૪ વધી રૂ.૨૯૪૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૭૬૬.૮૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૦૩૪.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના




વાયદાઓમાં રૂ. ૨૭૪૦.૭૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૩૯.૮૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭.૮૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૯.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૧૬.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૭૫.૫૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૭૯ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૧૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૧૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૮૯૫૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૯૧૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૯૧૫૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૧૫૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૫૯૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૫૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૭૫૨૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૧૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૯૨૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૪૪૨૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૧૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૧૩૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૧૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯૪ પોઈન્ટ ઘટી ૩૭૦૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧૨.૨ ઘટી રૂ.૨૩૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૬.૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૨૬૫.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩.૫ ઘટી રૂ.૧૫૮.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૬ પૈસા ઘટી રૂ.૯.૫૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૫ ઘટી રૂ.૩.૬ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧૧.૮ ઘટી રૂ.૨૪૦ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૬.૫૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩ ઘટી રૂ.૪૫૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૩૭.૫ ઘટી રૂ.૩૬૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૭.૨ વધી રૂ.૧૭૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૬.૪ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫.૫ ઘટી રૂ.૩૦૧ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૧ ઘટી રૂ.૩૫૮.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૬ ઘટી રૂ.૧૧.૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૮ ઘટી રૂ.૩.૩ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૨૫ વધી રૂ.૧૮૩.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૪.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૯.૫ ઘટી રૂ.૫૭૦ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૪૫ ઘટી રૂ.૬૩૧.૫ થયો હતો.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સ્ટાર પ્રચારકોની સંખ્યાનો વિવાદ: ભાજપ- કોંગ્રેસે નિયમોને નેવે મુકયા?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે હવે ચુંટણી પ્રચાર સાથે જોડાયેલો એક નવો વિવાદ બહાર આવ્યો છે. રાજય ચુંટણી પંચ દ્વારા નકકી કરવામાં આવેલા સ્ટાર પ્રચારકોની સંખ્યા અંગેના નિયમોને અવગણીને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ભાજપ અને કોંગ્રેસ દ્વારા મર્યાદા કરતા વધુ નામ જાહેર કરવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યુ છે.



વધુ આશ્ચર્યની વાત એ છે કે ચુંટણી પંચે પણ આ યાદીઓને સત્તાવાર રીતે સ્વીકારી પોતાની વેબસાઈટ પર પ્રકાશિત કરી છે. ફેબ્રુઆરી ૨૦૨૧ માં રાજય ચુંટણી પંચે જાહેર કરેલા આદેશો મુજબ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં રાષ્ટ્રીય માન્યતા ધરાવતા રાજકીય પક્ષો મહત્તમ ૨૦ સ્ટાર પ્રચારકોના નામ જ જાહેર કરી શકે છે. આ નિયમનો મુખ્ય હેતુ ચુંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવાનો અને તમામ પક્ષોને સમાન તક આપવાનો છે, આરટીઆઈ એક્ટિવિસ્ટ સંતોષસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર ૪ ફેબ્રુઆરી ૨૦૨૧ ના આદેશમાં સ્પષ્ટપણે આ મર્યાદા નકકી કરવામાં આવી હતી. તેમ છતાં હાલની ચુંટણીમાં આ નિયમોનુ ઉલ્લંઘન થયા નુ જણાઈ રહ્યુ છે. આમ આદમી પાર્ટીએ નિયમોનુ પાલન કરીને અરવિંદ કેજરીવાલ સહિત માત્ર ૨૦ સ્ટાર પ્રચારકોની યાદી જ સોંપી છે. તો બીજી તરફ કોંગ્રેસે કુલ ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી આપી છે, જે મર્યાદા કરતા બમણી છે, આ યાદીમાં મુકુલ વાસનિક સહિતના વરીષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે.

ભાજપે તો વધુ વ્યાપક વ્યુહ રચના અપનાવી રાજયને ૪ ઝોન, દક્ષિણ, મધ્ય, ઉત્તર અને સૌરાષ્ટ્રમાં વહેંચી દરેક ઝોન માટે ૨૦-૨૦ નામ જાહેર કર્યા છે. આમ કુલ મળીને ૫૦ થી વધુ સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ યાદીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિતના કેટલાક નામો કોમન છે. તેમ છતાં કુલ સંખ્યા નિયમ થી ઘણી વધુ છે,

રાજકીય પક્ષો દ્વારા ઈ-મેઈલ અને સત્તાવાર પત્રો મારફતે મોકલવામાં આવેલી આ યાદીઓ પર ચુંટણીપંચે કોઈ કડક કાર્યવાહી કર્યા વગર તેને સ્વીકારી લીધી છે. જેના કારણે કાર્યકરો અને જાગૃત નાગરીકોમાં ચર્ચા ચાલી રહી છે કે જો નિયમ બનાવનાર સંસ્થા જ તેનુ પાલન ન કરાવે, તો ચુંટણીની પારદર્શિતા પર સવાલો ઉભા થવા સ્વભાવિક છે. અત્યાર સુધી ચુંટણીમાં પૈસાનો પ્રભાવ અને દબાણ અંગે આક્ષેપો થતા હતા, પરંતુ હવે સ્ટાર પાવરના જોરે નિયમો તોડી શકાય છે. તેવો સંદેશ જઈ રહ્યો છે. આ પરીસ્થિતિમાં ચુંટણીપંચ આગળ કડક વલણ અપનાવે છે કે નહી તે જોવુ મહત્વપૂર્ણ રહેશે. હાલ તો આ મુદ્દે રાજકીય અને સામાજિક સ્તરે ચર્ચા તેજ બની છે અને ચુંટણીની નિષ્પક્ષતા અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે.

# મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે પક્ષીઓ માટે જળપાત્રોનું વિતરણ



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર "સેવ અર્થ" અભિયાન અંતર્ગત તારીખ ૧૭.૦૪.૨૦૨૬ ના રોજ મંડળ રેલ પ્રબંધક કાર્યાલયના પરિસરમાં એક સરાહનીય પર્યાવરણલક્ષી પહેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને તેમની ટીમના સહકારથી માટીના વાસણો (જળપાત્રો)નું વિતરણ કરવામાં આવ્યું. આ જળપાત્રોનો હેતુ ભીષણ ઉનાળામાં પક્ષીઓને પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે, જેથી આપણા પાંખ વાળા મિત્રો માટે રાહત ઉપલબ્ધ થઈ શકે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે "પ્રકૃતિનું સંરક્ષણ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. વધતી ગરમીમાં પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવી એક નાનું પરંતુ અત્યંત મહત્વપૂર્ણ પગલું છે. આવા પ્રયત્નો માત્ર પર્યાવરણનું સંતુલન જાળવવામાં સહાયક નથી, પરંતુ સમાજમાં સંવેદનશીલતા અને જવાબદારીની ભાવના પણ વિકસાવે છે." આ કાર્યક્રમ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા તથા સમાજને પ્રકૃતિ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવાની પ્રેરણા આપવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે. આ કાર્યક્રમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીના, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી વિકાસ ગઢવાલ તેમજ મંડળના અન્ય અધિકારીઓ અને રેલ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તમામ ઉપસ્થિત લોકોએ પર્યાવરણ સંરક્ષણ અને પક્ષીઓની સુરક્ષા માટે સામૂહિક સંકલ્પ પણ લીધો.

# હવે વાલીઓ આરટીઈ અંતર્ગત ૨૩ એપ્રિલ સુધી અરજી કરી શકશે: ૧૭ એપ્રિલ બાદ મુદત લંબાવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) અંતર્ગત ગુજરાતની ખાનગી સ્કુલોમાં મફત પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત આજે ૧૭ એપ્રિલના રોજ પૂર્ણ થઈ રહી હતી, જેને લઈ વાલીઓના હિતમાં રાજય સરકાર દ્વારા ખુબ જ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવવાની તારીખ લંબાવવામાં આવી છે. આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે ૨૩ એપ્રિલ ૨૦૨૬ સુધી અરજી કરી શકાશે, પહેલા ૧૭ એપ્રિલના રાત્રે ૧૨ વાગે સમય મર્યાદા પૂર્ણ થઈ હતી, સ્થાનિક ચુંટણીને લીધે વાલીઓને જરૂરી ડોકયુમેન્ટ એકત્ર કરવામાં ભારે મુશ્કેલી પડતી હોવાથી અરજી કરવાની મુદત લંબાવવાની માંગ ઉઠી હતી. રાજયની ૯૭૨૨ જેટલી ખાનગી શાળાઓમાં ૮૪ હજાર કરતા વધુ બેઠકો પર પ્રવેશ આપવા માટે ગઈ તારીખ ૪ એપ્રિલ થી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૨,૦૯,૪૮૨ ફોર્મ ભરાયા હોવાનુ જાણવા મળ્યુ છે.

ગત વરસે રાજયભરમાંથી કુલ ૨,૩૮,૯૪૨ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા, શિક્ષણનો અધિકાર કાયદો ૨૦૦૯ (આરટીઈ) દેશમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવા માટે લાવવામાં આવ્યો હતો. તે ૬ થી ૧૪ વરસની વયના બાળકોને મફત શિક્ષણની ખાત્રી આપે છે.

ભારતની સંસદે ૪ ઓગસ્ટ ૨૦૦૯ ના રોજ આ કાયદો ઘડયો હતો અને તે ૧ એપ્રિલ ૨૦૧૦ ના રોજ અમલમાં આવ્યો હતો. આ અધિનિયમના આ અમલથી ભારત વિશ્વના ૧૩૫ દેશોમાં નો એક એવો દેશ બન્યો કે જયાં શિક્ષણનો મુળભુત અધિકાર છે.

જો કે આ પછી પણ આવી અનેક ખામીઓ અને પડકારો છે, જેના કારણે દેશના હજારો બાળકો




ફરજીયાત શિક્ષણ થી વંચિત રહે છે. આ લેખ દ્વારા શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ નુ મહત્વ સમજાયું.

# ૧૯ એપ્રિલની સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને ઓખા—અમદાવાદ વંદે ભારત સાબરમતી સ્ટેશન પર નહીં રોકાય

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્ય સંદર્ભે એન્જિનિયરિંગ કામ માટે ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે પોરબંદર—દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને ઓખા—અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર રોકાશે નહીં કરે. વિગતો નીચે મુજબ છે:

- ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોરબંદરથી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૯૦૧૬ પોરબંદર—દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર રોકાશે નહીં.
- ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન સંખ્યા ૨૨૯૨૬ ઓખા—અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર રોકાશે નહીં.

# સોલા પોલીસે ૨૩ બાઈક સાથે રાજસ્થાનની ત્રિપુટીને દબોચી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના એસજી હાઈવે અને આસપાસના વિસ્તારોમાં ટુ-વ્હીલર ચોરીના વધતા જતા બનાવો વચ્ચે સોલા પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે રાજસ્થાનના બાંસવાડાની એક રીઢા ચોર ટોળકીને ઝડપી પાડી છે. આ ટોળકી પાસેથી કુલ ૨૩ ચોરાઉ બાઈક જપ્ત કરવામાં આવ્યા છે. જેનાથી શહેરના વિવિધ પોલીસ સ્ટેશનના ૧૯ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. DCP હર્ષદ પટેલે આ ઓપરેશન અંગે વિગતો આપતા જણાવ્યું કે, મુખ્ય આરોપી ગોપાલ અને તેના સાગરીતો મુકેશ તથા ભરત ખૂબ જ ચાલાકીથી ચોરીને અંજામ આપતા હતા. તેઓ ખાસ કરીને એવા પાર્કિંગ સ્થળો પસંદ કરતા જ્યાં લોકો આખો દિવસ વાહન મૂકીને નોકરીએ જતા હોય. ગોપાલ પોતાની પાસે ડુપ્લીકેટ અને ઘસાયેલી ચાવીઓનો જથ્થો રાખતો. તે જૂના બાઈકને ટાર્ગેટ કરતો કારણ કે તેના લોક ઢીલા થઈ ગયા હોય છે, જે ઘસાયેલી ચાવીથી સરળતાથી ખુલી જતા હતા. ચોરી કર્યા બાદ આ બાઈકોને ભાડજ સર્કલ પાસે ઝાડી-ઝાંખરામાં છુપાવી દેતા હતા. જેથી કોઈની નજર ન પડે. સોલા ભાગવત બ્રિજ નીચેથી સતત થતી ચોરીઓને રોકવા પોલીસે સીસીટીવી કેમેરાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જેમાં રાજસ્થાનના ગોપાલની કડી મળી હતી. રિંગરોડ પર અદાણી પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવીને પોલીસે ગોપાલને ઝડપી પાડ્યો અને તેની પૂછપરછમાં અન્ય બે સાગરીતોના નામ ખુલ્યા હતા. તેને ઝડપી લઈને પુછપરછ કરતા ૧૯ ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. ૯ ગુના ઉપરાંત રામોલ, કૃષ્ણનગર, ઓઢવ, નિકોલ, સાબરમતી રિવરફ્રન્ટ અને કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના પણ ઉકેલાયા હતા.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**TRD કાર્યો**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવોઝનલ રેલવે મેનેજર (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા દ્વારા નીચે મુજબના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નંબર: 01-TRDBVP-2026-27** **કામનું નામ:** ભાવનગર મંડળમાં 10,000 થી વધુ ATVU ધરાવતા લેવલ ક્રોસિંગ (LC) ગેટ્સના ઈન્ટરલોકિંગ સંબંધિત TRD કામ. **ટેન્ડર રકમ:** ₹ 2,37,57,744.99/- **ટેન્ડર ફી:** શૂન્ય **ઈએમડી:** ₹ 4,75,200/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન), ભાવનગર પરા, ડીઆરએમ કચેરી, ભાવનગર પરા – 364003 મહત્વપૂર્ણ સૂચના: બિડર્સે માત્ર ઓનલાઈન અરજી કરવાની રહેશે: લિંક **www.ireps.gov.in** વધુ માહિતી માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** મુલાકાત લો. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** 07.05.2026 ના રોજ 15:00 વાગ્યા સુધી **BVP 003**

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# ભાજપ ઉમેદવાર BA પહેલા MA પાસ, ગંભીર છબરડો છતાં ચૂંટણી ફોર્મ મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન સુરત મહાનગર પાલિકા વૉર્ડ નંબર ૨૯ના ભાજપના મહિલા ઉમેદવારે એફિડેવિટમાં દર્શાવેલી શૈક્ષણિક લાયકાત મામલે વિવાદ સર્જાયો છે. જો કે, વિવાદ બાદ મહિલા ઉમેદવારે MAની ડિગ્રી મામલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'આ ટાઈપિંગ ભૂલ છે, મારી ડિગ્રી સાચી છે.' સુરતમાં ભાજપના મહિલા ઉમેદવારે એફિડેવિટમાં રજૂ કરેલી શૈક્ષણિક લાયકાતમાં વર્ષ ૧૯૯૬માં માસ્ટર ઑફ આર્ટ્સ(MA) અને વર્ષ ૧૯૯૭ બેચલર ઑફ આર્ટ્સ(BA) કર્યું હોવાનું જણાવ્યું છે. સામાન્ય રીતે BAની ડિગ્રી બાદ MA કરી શકાય છે. જો કે, મહિલા ઉમેદવારે રજૂ કરેલી શૈક્ષણિક લાયકાતમાં BAની ડિગ્રી પૂર્ણ કર્યા પહેલા ઉમેદવારે MA કર્યું હોવાનું દર્શાવાતા સમગ્ર મામલે વિવાદ ઊભો થયો હતો. શૈક્ષણિક લાયકાતને લઈને સર્જાયેલા વિવાદ મામલે ભાજપના મહિલા ઉમેદવાર સુધા રાજેશ પાંડેએ જણાવ્યું હતું કે, 'મારી MAની ડિગ્રી વર્ષ ૧૯૯૯ની છે, એટલે આમાં ટાઈપિંગ ભૂલ થઈ છે. આમાં વર્ષ લખતી વખતે '૯'ની જગ્યાએ '૬' થઈ ગયું છે. ઉમેદવારી નોંધાવતી વખતે મને બરાબર લાગ્યું એટલે મે કાંઈ જોયુંનહોતું. મારી ડિગ્રી સાચી છે, મે મધ્ય પ્રદેશની રાની દુર્ગાવતી વિશ્વવિદ્યાલયમાંથી MA પૂર્ણ કર્યું છે.'

### શહેરના આરોગ્યમંત્રી હોવા છતાં શહેરમા નકલી ખાધ્ય પદાર્થોની બોલબાલા

# દેશભરમાં ચાલી રહ્યો છે "અસલી" ના નામે "નકલી" નો વેપલો

## માત્ર સુરત જ નહીં દેશના વિવિધ રાજયોમાં પણ નકલી ઘી, નકલી પનીર, નકલી દૂધ, નકલી મધ જેવા અનેક ખાધ્ય પદાર્થો અસલીના પેકમાં ધૂમ વેચાઈ રહ્યા છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત ભરમાં હવે ચાલી રહ્યો છે. અસલીના નામે નકલીનો વેપાર અને આ કોઈ સામાન્ય ચીજ નથી. પરંતુ જનતાના આરોગ્યને નિરોગી રાખવાને બદલે રોગી બનાવી હોસ્પિટલ સુધી પહોંચાડવાનું એક સુનિયોજીત ષડયંત્ર અને એ છે નકલી ખાધ્ય પદાર્થોમાં અસલી માલનું એસેન્સ નાંખી અસલ જેવો સ્વાદ લાગે એવો માલ ડબ્બા કે પોલીથીલીન બેગમાં અસલી પેકિંગ જેવો લોગો, એજ માર્કો એ જ કલરની શાહી વાપરી પેક કરી બજારમાં ઘૂસડાતો નકલી માલ. આ નકલી માલની વાત કરીએ તો હાલમાં થોડા દિવસ પહેલા મથુરાની બોર્ડર ઉપર પાણી ભરેલા બે થી ત્રણ ટેક્રોમાં ઉપરથી યુરિયા ખાતર અને ચોક્કસ માપનું કેમિકલ નાંખી અસલ દૂધ જેવુ જ દૂધ બનાવતા લોકોને સરકારી તંત્રે રંગે હાથ પકડી જેલ ભેગા કર્યા હતા.

આ તો વાત થઈ દેશની પરંતુ આપણે જો માત્ર ને માત્ર સુરતની જ વાત કરીએ તો સુરત હવે નકલી ખાધ્ય પદાર્થોનું હબ બની રહ્યું હોય તેમ લાગે છે. કારણકે સચિન GIDC વિસ્તારમાં એક એવી ફેક્ટરી પર SOG (સ્પેશ્યલ ઓપેશન ગ્રુપ) એ દરોડો પાડયો છે. જે જાણીને કોઈપણ સામાન્ય નાગરિકોના હોંશ ઊડી જાય. "સબકા ફૂડસ" ના નામે ચાલતી આ ફેક્ટરીમાં લોકોના સ્વાસ્થય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી માત્ર ૧ કિલો શુધ્ધ ઘીનો ઉપયોગ કરી તેમાંથી ૧૫ કિલો નકલી "વિદુર ઘી" તૈયાર કરવામાં આવતું હતું.

આ તો વાત થઈ અસલીના નામે નકલી ઘી ની પણ નકલી પનીર, નકલી દૂધ પણ હજારો કિલોમાં વેચાયાના સમાચારો ચમક્યા છે. ત્યારે અહી વાત થાય છે કે આટલું બધુ નકલી ખાધ્ય પદાર્થોનું નેટવર્ક સુરત સહિત રાજયભર માં ફેલાયેલું હોય ત્યારે રાજયના આરોગ્ય મંત્રી, રાજયના આરોગ્ય અધિકારીઓ સહિત જેમની આ ખાધ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવાનું કામ છે. એ સરકારી તંત્ર કરે છે શું? કેમ મૌની બાબા બની આંખ આડા કાન કરી આ કાળા કારોબાર પ્રત્યે ઉદાશીનતા દાખવે છે? કે પછી એમને હપ્તાનું ગ્રહણ લાગ્યું છે? એ વિચારવાનો સવાલ છે.

સમગ્ર નકલીના નેટવર્ક પાછળ અત્યંત શાતિર દિમાગવાળો જ ખેલાડી હોય જે પડદા પાછળ રહી આ નવા નિશાળીયાઓ ને સંપૂર્ણ ગાઈડ લાઈન આપતો હોય કારણ એ શાતિર દિમાગવાળો ભૂતકાળમાં નકલી ના ખેલમાં જેલ જઈ આવેલો હોય અને જામીન મુક્ત થયેલો હોય પણ પોલીસ ચોપડે ચઢેલો હોવાથી આવા ખેલ પડદા પાછળ રહીને જ કરતા હોવાથી આ નકલીનો વેપલો ધમધમી રહ્યો છે.

આમ ગ્રાહકોને છેતરવા માટે ડબ્બા પર આકર્ષક સ્ટીકરો અને માર્કેટિંગ ટ્રિક્સનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ટ્રીક્સમાં જાણીતી ડેરીઓ જેવી કે સુમુલ, અમુલ, મધુરમ વિગેરે એના જેવા જ પેકિંગ, લોગો, પ્રાઈઝ વિગેરે પ્રજા છેતરાઈ જાય એવા અસલ કંપનીના ડબ્બા ઓ કે અસલ પોલીથીલીન પાઉચમાં પેક કરી જાણીતી ડેરીઓના સેલ્સમેનો ની સાંઠ ગાંઠમાં અને આવા સેલ્સમેનોને ઊંચું કમીશન આપી જાણીતા સ્ટોરમાં અસલીના નામે નકલી માલ ઓછા ભાવે પધરાવી અસલી માલના વેચાણને પણ નુકશાન કરાવતા આ તત્વો પાછા પડતા નહીં.

આવો માલ લેતા દક્ષિણ ગુજરાતના અનેક વેપારીઓ આ નેટવર્ક સાથે સીધા સંપર્કમાં હતા અને વર્ષોથી જનતાને ઝેર પીરસતા હતા. ત્યારે અહીં સવાલ એ થાય છે કે શહેરના જે શ્રમિક વિસ્તારો છે જ્યાં મજૂર વસ્તી રહેતી હોય છે અને એ આમ પણ ગીચ હોવાથી કેટલાય લોકો સાજા, માંદા રહેતા હોય એ શરીરને નિરોગી રાખવા દુકાનદાર પર વિશ્વાસ મુકી આ નકલી માલ અસલી સમજીને મોંઘા ભાવે લાવે છે. ત્યારે એ બિચારો અજાણતા તો રોગને જ આમંત્રણ આપે છે. એ જ રીતે બિચારી કોઈ સુવાવડ વાળી બાઈ શરીરને શક્તિ મળે અને એને પૌષ્ટિક આહાર સમજી આ નકલી ઘી કે નકલી પનીરનો ઉપયોગ કરે છે ત્યારે એ સાજી થવાને બદલે વધારે બીમાર પડતી હોય છે. કારણ કે હવે આધુનિક મશીનરીઓને કારણે ગ્રાહકો પેકિંગમાં પણ છેતરાઈ જતા હોય છે.

પાછી જોવાની ખૂબી એ છે કે જાણીતી ડેરીઓ જેવું જ અસલ ડેરી જેવું જ પેકિંગ જોતાં કોઈપણ વેપારી એને ઓળખવામાં માર ખાઈ જાય એવું પેકિંગ કરેલો માલ જાણીતા એજન્ટો દ્વારા બજારમાં ઘુસાડી જાણીતી ડેરીઓને આર્થિક નુકસાન પહોંચાડાઈ રહ્યું છે.

ભૂતકાળમાં પણ જાણીતી ડેરીઓના એક કિલો, બે કિલોના ડબ્બાઓના પેકિંગ કરી નકલી ઘી ઘૂસડાયાઓના દાખલા મૌજુદ છે. ત્યારે હાલમાં જ સચિન જીઆઈડીસી માંથી પકડાયેલી નકલી ઘી ની ફેક્ટરીની આવક જ માત્ર મહિને રૂા.૧૫ થી ૨૦ લાખની થતી હતી. ત્યારે વિચાર કરો કે આવું દેશદ્રોહી કૃત્ય કરનારા તત્વો જે પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરી પ્રજાને મોતના મુખમાં ધકેલી રહ્યા હોય એમ કસાઈને પણ સારો કહેવડાવે એવું અધમ કૃત્ય કરનારાઓને કોઈનો ડર કેમ નથી લાગતો?

આતો થઈ પ્રજાના આરોગ્યની વાત પણ આવા તત્વોએ ભગવાનને પણ નથી છોડયા એ માનવીને શું છોડે? અને આ કાળા કારોબાર કરનારાઓમાં આટલી હિંમત કેમ આવે છે? એનું કારણ કે જે સરકારી તંત્રે આ જોવાનું છે એ આરોગ્ય ખાતું, પોલીસ ખાતું અને જવાબદાર મંત્રીઓ સુધી જે લેતીદેતી નું રાજકારણ ચાલે છે એના પ્રતાપે આવા નકલી ના ખેલ શહેર તો શું રાજય સહિત દેશભરમાં ચાલી રહ્યા છે. રાજયના આરોગ્યમંત્રી સુરત શહેરના છે અને તેઓની આંખ નીચે જ નકલી ખાધ્ય પદાર્થોનો વેપલો ચાલતો હોય ત્યારે દોષ કોને દેવો? સુરત મ.ન.પા જવાબદાર અધિકારીઓની કમી સુરત મ.ન.પા મા જે કારણોસર ડે.કમિશ્નર હેલ્થ એન્ડ હોસ્પિટલની જગ્યા મંજૂર કરવામાં આવી છે તે જગ્યા શહેરના જાહેર જનતાના આરોગ્ય માટે જરૂરી હોય તેવી જગ્યા એક વર્ષ ઉપરાંતથી ખાલી છે તે જગ્યા ભરવામા પણ તંત્ર નિષ્ફળ ગયું છે. ત્યારે નકલી ખાધ્ય પદાર્થો વેચી લોકો માલામાલ થઈ રહ્યા છે.

ત્યારે આવા તત્વોને ચીન કે સાઉદી જેવા દેશોની માફક તાત્કાલિક એવી કડક સજા કરવી જોઈએ કે નકલીનો "ન" બોલવાનું પણ ભૂલી જાય પણ એની પહેલ કરે કોણ?

### શું ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે

# સુરત મહાનગરપાલિકાની ચૂંટણી લોઢાના ચણા ચાવવા સમાન બની રહી છે?

### એક બાજુ વિકાસની મોટી મોટી વાતોને બીજી બાજુ પ્રજાનો જાકારો શું સૂચવે છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે એમ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ધડકન વધી રહી છે. કારણ કેટલાક વોર્ડમાં ભાજપને તો કેટલાક વોર્ડમાં કોઈ પણ પક્ષને મહોલ્લામાં પ્રવેશવાની જ મનાઈ કરવામાં આવતા ખાસ કરી ભાજપને ચિંતામાં પાડી દીધો છે. એક બાજુ ભાજપ વિકાસની પોકળ વાતો કરે છે તો બીજી બાજુ મતદારો ગટર જેવા ગંદા પાણીને તપેલીમાં બતાવીને પૂછે છે શું અમારે આ પાણી પીવાનું છે? કેટલાય દિવસોથી રોડ નથી બન્યા, પીવાનું પાણી શુદ્ધ નથી આવતું, ગટર ઉભરાઈને ગંદકી ફેલાય છે. છતાં તમે આજ સુધી ક્યાં હતા?

આવા તો અનેક સવાલો ત્રણે પાર્ટીના ઉમેદવારોને કરાતા ઉમેદવારોને પણ પરસેવા વળી રહ્યો છે. અને એને કારણે આ ચૂંટણીમાં શામ-દામ-દંડ ભેદથી ભાજપ ચૂંટણીમાં મતો અંકે કરવા એડી ચોટીનું જોર લગાવીને વિપક્ષોના ફોર્મ કેન્સલ કરાવી બીનહરીફ ની હરીફાઈમાં ઉતરીને લોકશાહીનું ખુલ્લેઆમ ચીરહરણ કરી રહ્યો છે.

અને પ્રજાના મતાધિકાર ને જ જડમૂળથી નષ્ટ કરવાનું પાપ કરી સત્તા હાંસલ કરવામાં ગળાડૂબ છે ત્યારે ત્રણે પાર્ટીના ઉમેદવારો એકલા અટુલા પડી ગયા હોય એમ પોતપોતાની રીતે પ્રચાર કરી નશીબ અજમાવી રહ્યા છે ત્યારે જોવાનું એ છે કે પ્રજા કોને સુરત મહાનગરપાલિકાનું સુકાન સોંપે છે એ જ જોવું રહ્યું. અત્યાર સુધી ભાજપના વિસ્તારમાં કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને પ્રવેશ બંધી હતી. આવા વિસ્તારોમાં ભાજપના આગેવાનો અને મતદારો એટલા પ્રભાવિત હતા કે ભાજપ સિવાય કોઈ પાર્ટીના ઉમેદવારને ઉભા રાખતા ન હતા.


કોટ વિસ્તાર તો ભાજપનો ગઢ ગણાતો. પરંતુ આ ગઢમા પણ ગાબડા પડવા લાગ્યા છે. અને આમ આદમી અને કોંગ્રેસના ઉમેદવારોને આ વિસ્તારોમાં સમર્થન મળી રહેલ છે. મોંઘવારી અને સ્થાનિક પ્રશ્નોથી લોકો ત્રાસી ગયા છે.

ભાજપ દ્વારા દર વર્ષે વેરામાં વધારો કરવાથી વોટોમાં ગાબડું પડવાની પૂરેપૂરી શંકા છે. કેટલાક વિસ્તારોમાં અને ભાજપ સિવાય અન્ય પાર્ટીના ઉમેદવારોને પ્રવેશવા દેવા નહીં તેમ કહેવામાં આવે છે. પરંતુ પ્રજા જ હવે ઉમેદવારોનો સંપર્ક કરી રહી છે. ત્યારે આવનારા દિવસોમાં શું પરિસ્થિતિ સર્જાય એ જોવું રહ્યું.

# અમરાઈવાડી ભાજપમાં ભડકો: ધારાસભ્ય હસમુખ પટેલ પર ટીકીટ માટે વહિવટના ગંભીર આક્ષેપ: સોશીયલ મીડીયા પર ચેટ વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની અમરાઈવાડી બેઠક પર ભાજપના આંતરીક રાજકારણમાં મોટો વંટોળ આવ્યો છે. સ્થાનિક ધારાસભ્ય હસમુખ પટેલ સામે પક્ષના જ કાર્યકરો અને દાવેદારોએ મોરચો માંડયો છે. આરોપ લગાડવામાં આવ્યો છે કે ટીકીટ ફાળવણીમાં સક્ષમ ઉમેદવારોની અવગણના કરવામાં આવી છે અને પક્ષના નીતિ નિયમોને નેવે મુકીને મનસ્વી રીતે નિર્ણયો લેવાયા છે.




અમરાઈવાડી ભાજપમાં અત્યારે એક જ ચર્ચા ચાલી રહી છે કે ધારાસભ્યએ સારા ઉમેદવારોને બદલે મારા લોકોને ટીકીટ આપી છે, કાર્યકરોનો આક્ષેપ છે કે જે લોકો વરસોથી પક્ષ માટે લોહી પરસેવો પાડે છે, તેમને બાકાત રાખીને માત્ર વફાદારોને જ રેવડી વહેંચવામાં આવી છે. આ ભાઈ ભત્રીજાવાદ ને કારણે પાયાના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિવાદમાં સૌથી ચોકાવનારો વળાંક ત્યારે આવ્યો જયારે ટીકીટ માટે આર્થિક વહિવટ થયો હોવાના આક્ષેપો થયા છે. અમરાઈવાડી ભાજપના સત્તાવાર વોટસએપ ગૃપમાં થયેલી વાતચીતના સ્ક્રીન શોર્ટસ સોશીયલ મીડીયા પર વાયરલ થયા છે. આ વાયરલ ચેટ માં ટીકીટના સોદાબાજી અને વહિવટ અંગેના ગંભીર ઉલ્લેખો હોવાનો ચર્ચાઈ રહ્યુ છે. જેણે ભાજપની શિસ્તબધ્ધ છબી સામે સવાલો ઉભા કર્યા છે.

ચુંટણીનો માહોલ જામ્યો છે ત્યારે જ અમરાઈવાડીમાં સર્જાયેલો આ કકળાટ ભાજપ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. હાઈકમાન્ડ સુધી આ ફરીયાદ પહોચાડવામાં આવી હોવાનુ પણ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે. જો આ વિખવાદ જલ્દી નહી સમે તો તેની સીધી અસર આગામી ચુંટણીના પરિણામો પર પડી શકે છે. હાલ તો વાયરલ થયેલા સ્કીન શોર્ટસ સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યા છે.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના ગઢમાં લંગડા ઘોડા ન ચાલ્યા: ૩૯ ઉમેદવાર પાણીમાં બેઠા

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં પ્રદેશ કોગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના ગઢ આણંદ માં જ કોંગ્રેસનો રકાસ થયો છે. કોંગ્રેસ પ્રમુખના ક્ષેત્રમાં જ કોંગ્રેસના ૩૯ જેટલા ઉમેદવારો પાણીમાં બેસી ગયા છે. પ્રમુખ પોતે પણ તેમના ઉમેદવારોને સાચવી શકયા ન હોવાનુ બહાર આવ્યુ છે.



આમ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખની રણનીતીનો તેમના ગઢ માં જ ફિયાસ્કો થયો છે. આણંદમાં ભાજપે ચુંટણી પહેલા જ જીતનુ ખાતુ ખોલાવ્યુ છે. કારણ કે કોંગ્રેસના ઉમેદવારો પાણીમાં બેસી જતા ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીને ભાજપે તેમના ગઢ માં જ ધુળ ચટાવી હોય તેવો ઘાટ સર્જાયો છે. એક રીતે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે. જેમાં લંગડા ઘોડા જેવા કે પછી લગ્નના ઘોડા જેવા ઉમેદવારો પસંદ કરાયા હતા. એક તરફ કોંગ્રેસનો આક્ષેપ છે કે અમારા ઉમેદવારોને પોલીસ દ્વારા ધાક ધમકી અને દબાણ સર્જવામાં આવતા આ સ્થિતિ થઈ છે. કોંગ્રેસના જે ઉમેદવારો પાણીમાં બેસી ગયા છે તેમાં જિલ્લા, તાલુકા પંચાયત સહિતની બેઠકો સામેલ છે. આણંદ થી મળતી માહિતી મુજબ ઉમરેઠ તાલુકાની વણસોલ બેઠક પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે. જિલ્લા પંચાયતની ચીખોદરા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર બેસી જતા આ બેઠક ભાજપને બિનહરીફ મળી છે. આ રીતે ૩૯ જેટલા કોંગ્રેસના ઉમેદવારો લંગડા ઘોડા જેવા સાબિત થયા છે. જે લડાઈ લડે તે પહેલા જ બેસી ગયા છે.

# મુખ્યમંત્રી સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે પધારેલા ના ટાંણે જ જિલ્લાના વડાલીમાં ચુંટણી પૂર્વે બળવો: વોર્ડ નં. ૩ માં ભાજપના ઉમેદવારો માટે નો એન્ટ્રીના બેનરો લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક આજે શુક્રવારે મુખ્યમંત્રી સભા ગજવવાના હતા તે અગાઉ જ જિલ્લાના વડાલી શહેરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના માહોલ વચ્ચે ભાજપને વધુ એક મુશ્કેલીનો સામનો કરવો પડે તેવો ઘાટ સર્જાયો છે.




જિલ્લાના વડાલી શહેરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો જંગ જામ્યો છે. પરંતુ આ વખતે રાજકીય પક્ષો માટે પ્રચારના શ્રીગણેશ કરવા મુશ્કેલ બન્યા છે. વડાલી શહેરના વોર્ડ નં. ૩ માં આવતા ગાયત્રીનગર વિસ્તારમાં સ્થાનિક રહીશોએ એકત્ર થઈને સત્તાધારી પક્ષ ભાજપ વિરૂધ્ધ બેનરો લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા ઘણા સમયથી ગાયત્રીનગર અને વોર્ડ નં. ૩ ના વિવિધ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. રોડ રસ્તા અને ગટર તેમજ પાણી જેવી પાયાની જરૂરીયાતો માટે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર કે રાજકીય નેતાઓ દ્વારા કોઈ નકકર કામગીરી કરવામાં આવી નથી, જનતામાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે જયારે મત ની જરૂર હોય ત્યારે જ નેતાઓ દેખાય છે, બાકીના સમયે પ્રજાને રામભરોસે છોડી દેવામાં આવે છે,

ચુંટણીના માહોલ વચ્ચે ગાયત્રીનગરમાં લાગેલા આ બેનરોમાં સ્પષ્ટ લખવામાં આવ્યુ છે કે ભાજપના ઉમેદવારોએ આ વિસ્તારમાં પ્રચાર માટે આવવુ નહી, આ પ્રકારના આક્રમક બેનરો લાગતા જ વડાલીના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં જ જો આ પ્રકારનો વિરોધ થાય તો આગામી પરીણોમ પર તેની સીધી અસર પડી શકે છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ફોર્મ ભરાઈ ગયા બાદ હવે જયારે ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર માટે નિકળવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે આ વિરોધ પ્રદર્શન તેમના માટે ચિંતાનો વિષય બન્યો છે. સોશીયલ મીડીયામાં પણ આ બેનરોના ફોટા અને વિડીયો વાયરલ થતા અન્ય વિસ્તારોમાં પણ તેની અસર જોવા મળી રહી છે. હવે જોવાનુ એ રહેશે કે ભાજપના સંગઠન અને નેતાઓ આ નારાજ જનતાને મનાવવામાં સફળ રહે છે કે પછી આ રોષ મતદાનના દિવસે બેલેટ બોકસમાં જોવા મળશે.

# અમરેલીની ચાવંડ સીટ પર રાજકીય ગરમાવો: જેનીબેન ઠુમ્મરની ટવીટ: તોડફોડના આક્ષેપ






પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમરેલી જિલ્લામાં ચાવંડ સીટ પર રાજકીય માહોલ દિવસે ને દિવસે ગરમાતો જઈ રહ્યો છે. જેનીબેન ઠુમ્મરે કરેલા ટવીટ દ્વારા ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તણાવ વધુ તેજ બન્યો છે.

ટવીટ માં તેમણે આક્ષેપ કર્યા કે લોકપ્રિય કલાકાર માયાભાઈ આહીરની દિકરી, જે ભાજપમાંથી ઉમેદવાર તરીકે મેદાનમાં છે. તેમની ચુંટણીને લઈને કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વડીલ શાંતુબેન ડેરના કાર્યાલયના ઉદ્ઘાટન પહેલા જ તોડફોડ કરવામાં આવી અને પોસ્ટરો ફાડી નાંખવામાં આવ્યા.

જેનીબેન ઠુમ્મરે આ ઘટનાને અત્યંત નિંદનીય ગણાવી છે અને જણાવ્યુ હતુ કે કોંગ્રેસની ઉમેદવારી ખેંચવા માટે અનેક પ્રયાસો થયા છતાં સફળતા મળી ન હતી, ત્યારબાદ આ પ્રકારની ઘટના બહાર આવી છે, તેમણે માયાભાઈ આહીરને સંબોધતા ટવીટમાં લખ્યુ હતુ કે આપ ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ઉજાગર કરો છો, પરંતુ આવી ઘટનાઓ આપના પરીવાર અને વેવાઈ વચ્ચે કથની અને કરણીમાં મોટો તફાવત દર્શાવે છે. આ ઘટનાને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા ચાલી રહી છે અને બંને પક્ષો વચ્ચે આરોપ - પ્રત્યારોપનો દોર શરૂ થયો છે. હવે આ મામલે આગળ શું કાર્યવાહી થાય છે અને સત્તાવાર રીતે શું નિવેદન આવે છે તે હવે જોવુ રહ્યું.

# સુરતમાં પનીર બાદ નકલી ઘીનો પર્દાફાશ ૨૦૦૦ કિલોથી વધુ નકલી ઘીનો જથ્થો પકડાયો

## ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ સ્થળ પરથી નમૂનાઓ લઈ લેબોરેટરીમાં મોકલ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે ઓળખાતું સુરત હવે નકલી ખાદ્ય પદાર્થોના કૌભાંડને લઈને ચર્ચામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા નકલી પનીર મળી આવ્યા બાદ હવે સુરતમાં નકલી ઘીનો પર્દાફાશ થતાં હરકોઈ અચંબામાં પડી ગયા છે. શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ સચિન જીઆઈડીસી વિસ્તારમાં દરોડો પાડી એક મોટી નકલી ઘી બનાવતી ફેક્ટરીનો ભાંડાફોડ કર્યો છે. સબકા ફૂડ્સ નામે ચાલી રહેલી આ ફેક્ટરીમાં માત્ર ૧ કિલો શુદ્ધ ઘીમાંથી ૧૫ કિલો નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું. પોલીસે અહીંથી કુલ રૂ. ૩૫.૮૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.તપાસ દરમિયાન બહાર આવ્યું કે આરોપીઓ અત્યંત ચતુરાઈથી નકલી ઘી બનાવતા હતા. તેઓ શુદ્ધ ઘીમાં વનસ્પતિ ઘી, પામોલીન તેલ અને ખાસ કેમિકલ એસેન્સ ભેળવી દેતા હતા. આ કેમિકલના કારણે મિશ્રણને અસલી ઘી જેવી સુગંધ અને દાણાદાર ટેક્સચર મળી જતી હતી. ઉપરથી પીળો રંગ ઉમેરી તેને ગાયના ઘી જેવું દેખાડવામાં આવતું હતું. આ રીતે તૈયાર થતું ઘી હકીકતમાં આરોગ્ય માટે ખૂબ હાનિકારક હતું. દરોડા દરમિયાન પોલીસને ફેક્ટરીમાં ચાલી રહેલી પેકિંગ પ્રક્રિયા પણ મળી આવી હતી. અહીં હજારો ખાલી ડબ્બા, પેકિંગ મશીનો, કેમિકલના કેન અને તૈયાર માલ મળી આવ્યો. સાથે જ રૂ. ૨ લાખની રોકડ રકમ પણ જપ્ત કરવામાં આવી, જે આ ગેરકાયદેસર ધંધાની કમાણી હોવાનું માનવામાં આવે છે.આ કૌભાંડ પાછળ બે મુખ્ય આરોપીઓ ભરત પોલરા અને અમીન વઢવાણીયાના નામ સામે આવ્યા છે. તેઓએ મજૂરો રાખીને સમગ્ર નેટવર્ક ગોઠવ્યું હતું અને 'વિદુર' નામના બ્રાન્ડ હેઠળ આ નકલી ઘી બજારમાં વેચતા હતા. આ ઘી માત્ર સુરત જ નહીં, પરંતુ ગુજરાતના અન્ય જિલ્લાઓ અને બહારના રાજ્યોમાં પણ સપ્લાય કરવામાં આવતું હતું. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું કે આરોપીઓએ તલંગપોર વિસ્તારમાં એક ગોડાઉન રાખ્યું હતું, જ્યાં પામોલીન તેલ અને વનસ્પતિ ઘીનો જથ્થો સંગ્રહ કરવામાં આવતો હતો. ત્યાંથી કાચો માલ ફેક્ટરીમાં લાવી ભેળસેળ કરીને તૈયાર માલ બનાવવામાં આવતો હતો.ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ સ્થળ પરથી નમૂનાઓ લઈ લેબોરેટરીમાં મોકલ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, આ પ્રકારનું ભેળસેળયુક્ત ઘી લાંબા ગાળે કેન્સર અને લીવર જેવી ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે. પોલીસે આ કેસમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કર્યો છે અને હવે સમગ્ર નેટવર્કની તપાસ ચાલી રહી છે.

# સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની ચિતરીયા બેઠકના ભાજપ ઉમેદવારનુ બિમારી બાદ અવસાન: ચુંટણી મોકુફ રહેવાની સંભાવના

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા પંચાયતની ચુંટણી જંગમાં ભાજપને મોટો ફટકો પડયો છે. તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક પરથી પ્રબળ દાવેદાર અને ભાજપના મજબુત મહિલા આગેવાન લીનાબેન લક્ષ્મણભાઈ નિનામાનુ અચાનક બિમારી બાદ અવાસન થયુ છે.



ચુંટણીના જાહેરનામાથી લઈને મતદાન સુધીની પ્રક્રિયા અત્યંત વેગ માં છે, આ દરમિયાન ઉમેદવારના અવસાન થી વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠકની ચુંટણી મોકુફ રહેવાની સંભાવના વર્તાઈ રહી છે. મળતી માહિતી મુજબ ગઈ તારીખ ૧૫ એપ્રિલ ૨૦૨૬ ની સાંજે લીનાબેન નિનામાની તબિયત અચાનક લથડી હતી, ગંભીર બિમારીના કારણે તેમને તાત્કાલીક ભિલોડાની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તેમનુ સારવાર દરમિયાન અવસાન થયુ હતું.

લીનાબેન આ વિસ્તારના મજબુત મહિલા આગેવાન હતા અને ભાજપે તેમને ચિતરીયા બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા હતા. આગામી ૨૬ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે મતદાન છે. તેવામાં વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક પર ઉમેદવારના અવસાનના કારણે ચુંટણી મોકુફ રહેવાની સંભાવના છે.